# સરદાર પટેલ યુનિવર્સિટી

વલ્લભ વિદ્યાનગર - ૩૮૮ ૧૨૦ (ગુજરાત) ભારત

**NAAC Accredited with Grade 'A' (CGPA 3.11) (10-01-2023 to 09-01-2028)**

**Website : www.spuvvn.edu** **Phone : 91-02692- 226807**

## Admission Schedule for Ph.D. Programmes 2023-2024 (First Session)

**SPU** = Sardar Patel University, **OUG** = Other University of Gujarat, **OTG** = Out of Gujarat State University

| તારીખ | વિગત |
|---|---|
| ૦૮-૦૮-૨૦૨૩ | પીએચ.ડી. પ્રવેશ અંગેની જાહેરાત વર્તમાન પત્રમાં આપવામાં આવશે. |
| ૧૦-૦૮-૨૦૨૩ | પીએચ.ડી. પ્રવેશ અંગેનાં વિષયો અંગેની માહિતી યુનિવર્સિટી વેબસાઇટ **www.spuvvn.edu/students_corner /admissions/ Ph.D.** ઉપર મુકવામાં આવશે. |
| ૧૭-૦૮-૨૦૨૩ થી ૨૪-૦૮-૨૦૨૩ | યુનિવર્સિટી પોર્ટલ ઉપર વિદ્યાર્થી પીએચ.ડી.માટે ઓનલાઈન ફોર્મ ભરી શકશે ત્યારબાદ યુનિવર્સિટી પોર્ટલ બંધ થશે અને વિદ્યાર્થી ઓનલાઈન ફોર્મ ભરી શકશે નહિં.<br>**નોંધઃ** ઓનલાઈન ફોર્મ ભર્યા પહેલાં વિદ્યાર્થીએ વેબસાઈટ ઉપર મુકેલ માહિતી પુસ્તિકાનો અભ્યાસ કરી લેવાનો રહેશે તેમજ પ્રવેશ ફોર્મ ભરવાના સમયે વિદ્યાર્થીએ ફોર્મમાં ફરજીયાતપણે પોતાનો જ મોબાઈલ નંબર તેમજ ઈ-મેઈલ આઈડી આપવાનો રહેશે. સાયબર કેફે વાળાનો મોબાઈલ નંબર, ઈ-મેઈલ આઈ.ડી.આપવો નહિ. પીએચ.ડી. પ્રવેશ માટે ફોર્મ ભરનાર વિદ્યાર્થીઓએ ઓનલાઈન અરજી સાથે તમામ દસ્તાવેજોની નકલ જોડવાની રહેશે તેમજ વેરીફીકેશન સમયે તમામ ઓરીજીનલ દસ્તાવેજ ફરજીયાતપણે સાથે લાવવાનાં રહેશે. **OTG** કેટેગરીમાં ફોર્મ ભરનાર વિદ્યાર્થીઓએ ઓનલાઈન અરજી સાથે તમામ દસ્તાવેજોની નકલ ફરજીયાત પણે જોડવાની રહેશે. પ્રવેશ માટે પસંદગી પામેલ તમામ વિદ્યાર્થીઓએ પ્રવેશ કાઉન્સેલીંગ સમયે તેઓનાં ઓરીજીનલ દસ્તાવેજો તેમજ તેની નકલ ફરજીયાતપણે સાથે લાવવાનાં રહેશે. |
| ૧૭-૦૮-૨૦૨૩ થી ૨૫-૦૮-૨૦૨૩ | વિદ્યાર્થીએ ઓનલાઈન ભરેલ પ્રવેશ ફોર્મની પ્રિન્ટ સાથે તમામ જરૂરી દસ્તાવેજોની નકલ જોડી તમામ અસલ દસ્તાવેજો ફોર્મની ચકાસણી માટે ફરજીયાતપણે સાથે લાવવાનાં રહેશે. અસલ દસ્તાવેજો સિવાય પ્રવેશ ફોર્મની ચકાસણી થઈ શકશે નહિં. વિદ્યાર્થી ભરેલ પ્રવેશ ફોર્મની ચકાસણી રૂમ નંબર ૧૧૮, એકેડેમિક વિભાગ,સરદાર પટેલ યુનિવર્સિટી,વલ્લભ વિદ્યાનગર ખાતે સાંજે ૪.૦૦ કલાક સુધીમાં કરાવી શકશે ત્યારબાદ કોઈપણ ફોર્મની ચકાસણી કરવામાં આવશે નહિં.<br>**ખાસ નોંધઃ SPU** તથા **OUG** કેટેગરીનાં વિદ્યાર્થીઓનાં ટપાલ દ્વારા મળેલ પીએચ.ડી. પ્રવેશ ફોર્મ સ્વિકારવામાં કે માન્ય ગણવામાં આવશે નહિં. તેમજ પ્રવેશ ફોર્મની અસલ દસ્તાવેજો સાથે ચકાસણી કરાવેલ નહિં હોય તેવા પ્રવેશ ફોર્મ રદ ગણવામાં આવશે જેની ખાસ નોંધ લેવી. |
| ૧૭-૦૮-૨૦૨૩ થી ૨૮-૦૮-૨૦૨૩ | જે વિદ્યાર્થીઓ ફક્ત ગુજરાત રાજ્ય બહારની યુનિવર્સિટી **OTG** કેટેગરીનાં હોય અને પ્રવેશ ફોર્મ રૂબરૂ જમા કરાવવા હાજર રહી શકે તેમ ન હોય તેવા વિદ્યાર્થીઓએ ઓનલાઈન ભરેલ પ્રવેશ ફોર્મની પ્રિન્ટ તથા તમામ જરૂરી દસ્તાવેજોની નકલ જોડી ટપાલ મારફતે પ્રતિશ્રી,કુલસચિવશ્રી,એકેડેમિક વિભાગ,સરદાર પટેલ યુનિવર્સિટી,વલ્લભ વિદ્યાનગરને સાંજે ૪.૦૦ કલાક સુધીમાં મળી રહે તે રીતે મોકલવાની રહેશે. ત્યારબાદ કોઈ જ પ્રવેશ ફોર્મ સ્વિકારવામાં આવશે નહિં.<br>**ખાસ નોંધઃ** વિદ્યાર્થીએ ટપાલ ઉપર પીએચ.ડી. પ્રવેશ ૨૦૨૩-૨૦૨૪ પ્રથમ સત્ર **(OTG)** ખાસ લખવાનું રહેશે.અધુરી વિગતોવાળા તેમજ અધુરા દસ્તાવેજોની નકલ વાળા પ્રવેશ ફોર્મ માન્ય ગણાવામાં આવશે નહિં. પ્રવેશ ફોર્મ માન્ય/અમાન્ય રાખવા માટે યુનિવર્સિટી દ્વારા કરેલ નિર્ણય આખરી રહેશે. |
| ૦૨-૦૯-૨૦૨૩ | યુનિવર્સિટી વેબસાઈટ ઉપર પીએચ.ડી.પ્રવેશ પરીક્ષા માટેના **Eligible** અને **Not Eligible** વિદ્યાર્થીઓની યાદી મુકવામાં આવશે.**પરીક્ષા માટે વિદ્યાર્થીઓએ તેઓનાં લોગ ઈન આઈ.ડી.ને આધારે હોલટીકીટની પ્રિન્ટ આઉટની કોપી મેળવી પરીક્ષા સમયે ફરજીયાત લઈને આવવાનું રહેશે.** |
| ૦૫-૦૯-૨૦૨૩ | પીએચ.ડી. માટે માન્ય વિદ્યાર્થીઓની પ્રવેશ પરીક્ષા જ્ઞાનોદય (પરીક્ષાભવન) સરદાર પટેલ યુનિવર્સિટી ખાતે સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ કલાક દરમ્યાન યોજવામાં આવશે.**પરીક્ષા માટે વિદ્યાર્થીઓએ હોલટીકીટની પ્રિન્ટ આઉટ ફરજીયાત લઈને આવવાનું રહેશે.**<br>**ખાસ નોંધઃ**પરીક્ષા આપવા માટે આવનાર વિદ્યાર્થીએ યુનિવર્સિટી વેબસાઈટ ઉપર મુકેલ યાદીની પ્રિન્ટ તેમજ સરકાર માન્ય ઓરીજીનલ આઈ.ડી. પ્રુફ પરીક્ષાનાં દિવસે સાથે લાવવાનું રહેશે. **હોલ ટીકીટમાં જણાવેલ નંબર જ વિદ્યાર્થીનો પરીક્ષા નંબર રહેશે.** |
| ૧૬-૦૯-૨૦૨૩ | પીએચ.ડી. પ્રવેશ માટે લાયકાત ધરાવતા તમામ કેટેગરીનાં વિદ્યાર્થીઓની યાદી તેમજ પ્રવેશ કાઉન્સેલીંગ અંગેની તારીખ સવારે ૧૧.૦૦ કલાકે યુનિવર્સિટી વેબસાઈટ ઉપર મુકવામાં આવશે. |
| ૨૦-૦૯-૨૦૨૩ થી ૨૩-૦૯-૨૦૨૩ | પીએચ.ડી. પ્રવેશ માટે લાયકાત ધરાવતા વિદ્યાર્થીઓનું પ્રવેશ કાઉન્સેલીંગ જે તે સંબંધકર્તા વિષયનાં વિભાગ ખાતે યોજવામાં આવશે. કાઉન્સેલીંગ માટે સંબંધકર્તા વિષયનાં વિભાગનો સંપર્ક કરવાનો રહેશે. તેમજ કાઉન્સેલીંગની તારીખ, સમય માટે વિદ્યાર્થીએ નિયમિત રીતે યુનિવર્સિટી વેબસાઈટ જોવાની રહેશે. યુનિવર્સિટી દ્વારા આ અંગે કોઈપણ પ્રકારનો પત્રવ્યવહાર કે ટેલિફોનિક જાણ કરવામાં આવશે નહિં. |
| ૨૭-૦૯-૨૦૨૩ | પ્રવેશ કાઉન્સેલિંગ બાદ પ્રવેશ પાત્ર માટે યોગ્યતા ધરાવનાર વિદ્યાર્થીઓનાં વિભાગિય કોર્ષ વર્ક, રીસર્ચ મેથડોલોજી તેમજ રીસર્ચ પબ્લીકેશન એન્ડ એથિક્સ કોર્ષ વર્ક માટે લાયકાત ધરાવતા તમામ કેટેગરીનાં વિદ્યાર્થીઓની યાદી યુનિવર્સિટી વેબસાઈટ ઉપર મુકવામાં આવશે. |
| ૩૦-૦૯-૨૦૨૩ | પીએચ.ડી. માટે કામચલાઉ પ્રવેશની લાયકાત ધરાવતા વિદ્યાર્થીઓનાં કામચલાઉ પ્રવેશપત્ર રૂમ નંબર ૧૧૮, એકેડેમિક વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર ખાતે બપોરે ૦૩.૦૦ થી ૦૫.૦૦ કલાક દરમ્યાન આપવામાં આવશે. |
| ૦૩-૧૦-૨૦૨૩ થી ૨૦-૧૦-૨૦૨૩ | **Entrance Test, Non Entrance Test, NET/SLET/JRF** તેમજ **M.Phil Pass** એમ તમામ કેટેગરીનાં વિદ્યાર્થીઓનો રીસર્ચ મેથડોલોજી તેમજ રીસર્ચ પબ્લીકેશન એન્ડ એથિક્સ કોર્ષ વર્ક HRDC દ્વારા યોજાશે.<br>**ખાસનોંધઃ** ૧) **M.Phil Pass** કેટેગરીનાં વિદ્યાર્થીઓ એ કોર્ષવર્ક ફરજીયાતપણે પૂર્ણ કરવાનો રહેશે. ૨) વિદ્યાર્થીએ ઉપરોક્ત બંન્ને કોર્ષ વર્ક માટે હાજર રહેવું તેમજ બંન્ને કોર્ષ વર્કની ૮૦% હાજરી હોવી ફરજીયાત રહેશે. ૩) ૮૦%થી ઓછી હાજરીનાં કિસ્સામાં કામચલાઉ પીએચ.ડી. પ્રવેશ રદ ગણાશે. |
| ૨૧-૧૦-૨૦૨૩ | **કોર્ષ વર્કની પરીક્ષા સવારે ૧૧.૦૦ કલાકે જ્ઞાનોદય (પરીક્ષાભવન) સરદાર પટેલ યુનિવર્સિટી ખાતે યોજાશે. પરીક્ષાની ૩૦ મિનિટ પહેલાં વિદ્યાર્થીઓએ હાજર રહેવું.** |
| ૨૬-૧૦-૨૦૨૩ | કોર્ષવર્કની પરીક્ષાનું પરિણામ સાંજે ૦૪.૩૦ કલાકે યુનિવર્સિટી વેબસાઈટ ઉપર જાહેર કરવામાં આવશે. |
| ૨૭-૧૦-૨૦૨૩ | કોર્ષ વર્કમાં નાપાસ થયેલ ઉમેદવારોએ પરીક્ષામાં બેસવા માટે લેખિતમાં અરજી કરી વડાશ્રી, અનુસ્નાતક મેથેમેટિક્સ વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટીની મંજૂરી મેળવવાની રહેશે. |
| ૩૦-૧૦-૨૦૨૩ | કોર્ષ વર્કમાં નાપાસ થયેલ ઉમેદવારોનાં કોર્ષ વર્કની પૂરક પરીક્ષા સવારે ૧૧.૦૦ કલાકે જ્ઞાનોદય(પરીક્ષાભવન) સરદાર પટેલ યુનિવર્સિટી ખાતે યોજાશે. |
| ૦૧-૧૧-૨૦૨૩ | રીસર્ચ મેથડોલોજી તેમજ રીસર્ચ પબ્લીકેશન એન્ડ એથિક્સ પૂર્ણ કર્યા અંગેની યાદી યુનિવર્સિટી વેબસાઈટ ઉપર મૂકવામાં આવશે. |
| ૦૨-૧૧-૨૦૨૩ થી ૦૯-૧૧-૨૦૨૩ | સંબંધકર્તા વિભાગ ખાતે વિભાગિય કોર્ષ વર્ક યોજાશે. જે અંગે વિદ્યાર્થીએ જે તે વિષયનાં સંબંધકર્તા વિભાગનો સંપર્ક કરવાનો રહેશે. |
| ૨૯-૧૧-૨૦૨૩ | વિભાગિય કોર્ષવર્ક,રીસર્ચ મેથડોલોજી તેમજ રીસર્ચ પબ્લીકેશન એન્ડ એથિક્સ પૂર્ણ કર્યા અંગેની યાદી યુનિવર્સિટી વેબસાઈટ ઉપર મૂકવામાં આવશે. તેમજ તે પૂર્ણ કર્યા અંગેનું પ્રમાણપત્ર રૂમ નંબર ૧૧૮, એકેડેમિક વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર ખાતેથી બપોરે ૦૩.૦૦ થી ૦૫.૦૦ કલાક દરમ્યાન આપવામાં આવશે. પીએચ.ડી. પ્રવેશ માટે પાત્રતા ધરાવનાર વિદ્યાર્થીઓનાં પીએચ.ડી. રજીસ્ટ્રેશન કાર્યવાહી પૂર્ણ કરવામાં આવશે તેમજ આ અંગે વિદ્યાર્થીઓ એ જરૂરી તમામ દસ્તાવેજો જેમકે માર્કશીટ,સર્ટીફીકેટ,ટી.સી.,માઈગ્રેશન,પાર્ટ-ટાઇમ વિદ્યાર્થીઓ એ જે તે સ્થળે નોકરી કરતાં હોય ત્યાંનું એન.ઓ.સી. લાવવાનું રહેશે |
| ૩૦-૧૧-૨૦૨૩ | તમામ દસ્તાવેજોની ખરાઈ કર્યા બાદ વિદ્યાર્થીને ફાઈનલ રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ ઈશ્યુ કરવામાં આવશે. |